**ગુજરાત સરકાર,**
**ગૃહ વિભાગ,**
**સુધારા હુકમ ક્ર. ડીવાયએસ/૧૦૨૦૦૯/૩૧૭૭/બ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૪/૦૨/૨૦૧૮**

**વંચાણે લીધાઃ**

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૨/૧૦/૨૦૧૭ ના પત્રક્રમાંકઃ એસસીએસ/૧૧૨૦૧૭/૪૬૩૮૪૮/ર

(૨) ગૃહ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકઃ ડીવાયએસ/ ૧૦૨૦૦૯/૩૧૭૭/બ

(૩) ગૃહ વિભાગના તા.૨૫/૧૦/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકઃ ડીવાયએસ/૧૦૨૦૦૯/૩૧૭૭/બ

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૩/૧/૨૦૧૮ ના પત્રક્રમાંકઃ એસસીએસ/૧૧૨૦૧૭/ ૪૬૩૮૪૮/ર

**હુકમ -**

ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંકઃ ૯/૨૦૧૪-૧૫ થી લેવાયેલ ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧-૨ ની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પસંદ કરાયેલ ઉમેદવારો પૈકી નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી), વર્ગ-૧ સંવર્ગમાં નિમણૂક માટે ૨૧ ઉમેદવારોની ફાળવણી સંદર્ભ (૧) થી ગૃહ વિભાગને મોકલી આપેલ. આ ફાળવણી મુજબ નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી), વર્ગ-૧ સંવર્ગમાં અજમાયશી નિમણૂકના આદેશો સંદર્ભ-(૨) માં દર્શાવેલ અધિસૂચનાથી કરવામાં આવેલ અને સંદર્ભ (૩) મુજબના પત્રથી ૨૧ ઉમેદવારોને તાલીમ અર્થે ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ, ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવેલ છે.

સંદર્ભ-(૪)માં દર્શાવેલ પત્રથી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગૃહ વિભાગને જણાવેલ છે કે, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંકઃ ૯/૨૦૧૪-૧૫ અન્વયે તા.૧૧/૧/૨૦૧૮ના સુધારાથી ફાળવણી કરવામાં આવેલ મેરીટ ક્રમાંકઃ૨૪૩ વાળા ઉમેદવારનો મેરીટ ક્રમાંક ૨૪૪ કરવામાં આવેલ છે. ઉક્ત સુધારા અન્વયે ગૃહ વિભાગ કક્ષાએ જરુરી સુધારા હૂકમ કરવાના થાય છે.

સદરહુ વિગતે, સંદર્ભ-(૨) અને (૩)થી નાયબ પોલીસ અધીક્ષક (બિનહથિયારી) વર્ગ-૧ સંવર્ગમાં નિમણૂક મારફતે અજમાયશી સેવામાં જોડાયેલ ઉમેદવાર **"ડૉ. સાગર ભુપતભાઇ સાંબડા, અનુસૂચિત જનજાતિ પુરુષ"** નો "મેરીટ ક્રમાંકઃ ૨૪૩" ને બદલે "મેરીટ ક્રમાંકઃ ૨૪૪" દર્શાવતો સુધારો આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને. તેમના નામે,

( નિખિલ ભટ્ટ )
સંયુકત સચિવ,
ગૃહ વિભાગ,

પ્રતિ,

- માનનીય ગવર્નરશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજયકક્ષામંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ક.ગ.) ના અગ્રરહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્રસચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, છ-૩ સર્કલ પાસે, છ-૩, ગાંધીનગર (પત્રથી)
- સંયુકત સચિવશ્રી(સેવા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  સા.વ.વિ.ના તા. ૧૨/૧૦/૨૦૧૭ ના પત્રક્રમાંકઃ એસસીએસ/૧૧૨૦૧૭/૩૬૪૮૩૮/આર સંદર્ભે
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તાલીમ અને નિયામકશ્રી, રાજય પોલીસ એકેડેમી, કરાઇ
- સંયુકત નિયામકશ્રી, ગુજરાત પોલીસ એકેડેમી, કરાઇ, જી. ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- ઉપસચિવશ્રી, આઇટી સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (ગૃહ વિભાગની વેબસાઇટ ઉપર દર્શાવવાની વિનંતી સાથે.)
- સબંધિત ઉમેદવારો( રજીસ્ટર્ડ એ.ડી. દ્વારા)
- સેકશન અધિકારીશ્રી સીલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારીશ્રી સીલેકટ ફાઇલ/ શાખા સીલેકટ ફાઇલ.